ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૫.૬ ડીગ્રી
લઘુતમ : ૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૯ ટકા

# ગાંધીનગરમાં કાતિલ ઠંડીથી જનજીવન અસર

**ગરમ વસ્ત્રોના બજારમાં ભરચક તેજી, વસાણાની માગમાં પણ ઉછાળો, ઝૂંપડામાં રહેતા ગરીબ લોકોની હાલત કફોડી**

ગાંધીનગર, તા.૯

દેશના પર્વતીય વિસ્તારોમાં થયેલી ભારે હિમવર્ષાથી કાતિલ ઠંડીનું મોજુ સર્વત્ર ફરી વળ્યું છે. જેમાં ગાધીનગર મા ઠંડીનું પ્રમાણ ઊંચુ રહેતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. ધંધાદારી, નોકરિયાત વર્ગ તેમજ મજૂરી કરી ગુજરાન ચલાવતા લોકોને ઠંડીમાં કાર્યસ્થળ પર જવા-આવવા ની ભારે મુશ્કેલીઓ પડી રહી છે. કાતિલ ઠંડીથી ગરમ વસ્ત્રો ની માગમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. તેમજ ઠંડીના પ્રકોપ થી બચવા ગરમ આહારનો પણ ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે.



છેલ્લા ચાર દિવસથી દેશના પર્વતીય વિસ્તારોમાં થઈ રહેલી ભારે હિમવર્ષાથી ઠંડીનું જોર ખૂબ જ વધી ગયું છે. જેની જેની અસર રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મોટાપાયે જોવા મળી રહી છે. કાતિલ ઠંડીથી બચવા લોકો ઘર માંથી ઘરમાંથી ન નીકળવાનું પણ મુનાસિબ માની રહ્યા છે તો બીજી તરફ શરીરને ઠંડીથી બચાવવા ગરમ વસ્ત્રોનું ઉપયોગ કરી રહ્યા છે જેમાં ગરમ વસ્ત્રોની ખરીદી માટે પણ ભારે ધસારો જોવા મળી રહ્યો છે તો શરીરનું અંદરનું ઉષ્ણતામાન જાળવવા ગરમ ખોરાકને પણ પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. જેમાં વસાણાનો ઉત્તમ ઉપયોગ થઈ રહ્યો છે જેમકે કચ્ચરીયુ, બદામ, કાજુ ,અંજીર તથા લસણ વગેરેનો ભરપૂર ઉપયોગ કરી શરીરમાં ગરમાવો ઉત્પન્ન થાય અને શરદી ખાંસી જેવા રોગોથી રક્ષણ મળે તેવા ઉપાયો થઈ રહ્યા છે.

વહેલી સવારે અને સમીસાંજથી ઠંડીની જમાવટ થઈ જાય છે ત્યારે ધંધાદારી , નોકરિયાત વર્ગ, મજૂરી કરતા વર્ગને આ સમયે પોતાના કાર્યસ્થળ પર જવું કઠીન બની જાય છે જોકે ઠંડીમાં સમી સાંજથી જ લોકો ઘરમાં પુરાઈ રહેવાનું વધારે મુનાસિબ માની રહ્યા છે તો વહેલી સવારે પણ બહાર નીકળવાનું ઉચિત સમજતા નથી જેથી માર્કેટમાં ચાલતા ધંધા ઉપર પણ આની વ્યાપક અસરો જોવા મળી રહી છે. હાલમાં બીમાર લોકો ની હાલત ખૂબ જ કફોડી બની છે તો ઝુપડામાં રહેતા લોકો પણ ઠંડીથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. શ્રીમંતોને પણ આ ઠંડી આકરી લાગી રહી છે વહેલી સવારે પોતાના વાહન ઉપર ઝાકળોનું જમાવટ ઠંડીથી થઈ ગયેલું હોય છે તો રાત્રિએ પણ માર્ગો પર પણ વાહનોના કાચ ઉપર ઠંડી નું આવરણ લાગી જતા વાહન ચલાવવુ પણ મુશ્કેલ બની જાય છે. જોકે કેટલીક સંસ્થાઓ અને માનવતાવાદી કાર્ય કરી રહેલા લોકો દ્વારા ઝુપડપટ્ટીમાં ધાબળા વગેરેનું વિતરણ કરવામાં આવી રહ્યું છે અને હોસ્પિટલોમાં પણ જઈ દર્દીઓને અને જરૂરીયાત મંદોને સુવિધાઓ પૂરી પાડવાનું માનવતાવાદી કાર્ય થઈ રહ્યું છે. આમ કાતિલ ઠંડીએ સૌ કોઈને ઝંઝોળી નાખ્યા છે.

# વાઈબ્રન્ટ સમિટને પગલે પોલીસને એટીકેટ્સ એન્ડ મેનર્સનુ કોચિંગ અપાયુ

**મહેમાનોના સિક્યુરિટી ચેકિંગ દરમ્યાન શુ તકેદારી રાખવી અને કેવુ વાણી-વર્તન કરવુ તેના પણ ક્લાસ લેવાયા**



ગાંધીનગર, તા.૯

રાજયના પાટનગર ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આગામી પખવાડીયામાં વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ફોરેન ડેલીગેટ્સ, ઉદ્યોગપતિઓ ઉપરાંત વીવીઆઈપી મહાનુભાવો મોટી સંખ્યામાં આવશે. ત્યારે આ મહેમાનો સાથે પોલીસનુ વાણી-વર્તન કેવુ હોવુ જોઈશે તથા તેમના સિક્યુરીટી ચેકિંગ દરમ્યાન શુ ખાસ તકેદારી રાખવી પડશે તે સહિતના મેનર્સ એન્ડ એટીકેટ્સના પાઠ પોલીસને આજે શિખવાડવામાં આવ્યા છે. આ વિષય પર આજે સવારે મહાત્મા મંદિર ખાતે એક સેમિનારનું આયોજન કરીને ટ્રેનર દ્વારા ૧૫૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓને કોચિંગ આપવામાં આવ્યું હતું.

પાટનગરના મહાત્મા મંદિરમાં ત્રણ દિવસ દરમિયાન વાઈબ્રન્ટ સમિટ યોજાશે. જેમાં પોલીસની ભૂમિકા મહત્વની બની રહે છે. વિદેશથી આવતા ડેલીગેટ સાથે કેવી રીતે વર્તન કરવું, આવનાર મહેમાન રાજયની પોલીસની કામગીરીથી ખુશ થાય તે પ્રમાણેનું વર્તન કરવા માટે ટ્રેઈન્ડ વક્તાઓ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું. વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન બંદોબસ્તમાં તૈનાત પોલીસ અધિકારી-કર્મચારીઓ માટેના આ સેમિનારમાં હાજર રહેલા ૧૫૦૦ જેટલા અધિકારી-કર્મચારીઓને વાણી-વર્તન સુધારવા ઉપરાંત સામાન્ય એટીકેટ્સ અને મેનર્સની માહિતી પૂરી પાડવામાં હતી. પોલીસની છાપ ખરાબ છે તેનુ મુખ્ય કારણ તેમના વાણી વર્તન છે. તેને ધ્યાને લઈને આ વિશેષ સેમિનાર યોજીને છાપ સુધારવાનો પ્રયાસ કરવામા આવી રહ્યો છે.

વાઈબ્રન્ટ સમિટને ધ્યાને રાખીને મહાત્મા મંદિર સેમિનાર હોલમાં પોલીસ માટે જ ખાસ વર્તન સુધારવા માટેનો સેમિનાર રાખ્યો હતો. ત્રણ સેશનમાં યોજાયેલા આ સેમિનારમાં પોલીસ અધિકારી-કર્મચારીઓને માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતુ. તે ઉપરાંત મહાત્મા મંદિરમાં જે પોલીસ અધિકારી કર્મચારીઓને ડ્યુટી સોંપવામાં આવી છે તેવા ૭૦૦ જેટલા પોલીસને ડ્રેસ કોડ આપવામાં આવ્યા છે. આ તમામ પોલીસ કર્મચારીઓ વિદેશી પોલીસ જેવા લુકમાં બ્લેઝર-શુટમાં જોવા મળશે.

# જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગાંધીનગરના રામકથા મેદાન ખાતે કરાશે

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી રામકથા મેદાન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના સુચારું આયોજન અર્થે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં પધારનાર પદાધિકારી, અધિકારીઓ અને નગરજનોની બેઠક વ્યવસ્થા, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, પાણી અને અન્ય વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તે ઉપરાંત તા. ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સવારના ૯.૦૦ કલાકે રિહર્સલ યોજાશે.

રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના રાષ્ટ્રીય અને રાજય કક્ષાની રમત ગમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા ખેલાડીઓ અને અન્ય ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધી તેમજ યોગદાન આપનાર નાગરિકોનું સન્માન કરવામાં આવશે. આ સન્માન મેળવવા માટે ગાંધીનગર જિલ્લાના નાગરિકોએ પોતાનો બાયોડેટા તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૯ સુધીમાં નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા, જિલ્લા સેવા સદન, ગાંધીનગર, સેકટર-૧૧, ખાતે જમા કરાવવાનો રહેશે. રાજય કક્ષાએ એક થી ત્રણ નંબરમાં વિવિધ રમતમાં સ્થાન હાંસલ કરનાર રમતવીરો પણ પોતાનો બાયોડેટા આપી શકશે. બાયોડેટા સાથે જરૂરી પ્રમાણપત્રો બિડાણ કરવાના રહેશે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, નાયબ કલેકટર શ્રી હર્ષ યાદવ, ડી.વાય.એસ.પી. શ્રી એમ. જે. સોંલકી, પી.આર.ઓ, શ્રી ઝાલા સહિત વિવિધ જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગાંધીનગર તુરી-બારોટ બચત મંડળ દ્વારા સાધારણ સભા અને સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર,તા. ૯

ગાંધીનગર ડો.આંબેડકર હોલ ખાતે તારીખ ૬-૧-૨૦૧૯ના રોજ રોજ ૬.૦૦ કલાકે ગાંધીનગર તુરી-બારોટ વસાહત બચત મંડળ દ્વારા દ્વિતીય વર્ષ પુરા કરવા બદલ સાધારણ સભા અને સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખ શ્રી પી. એલ. પરમાર, મંત્રી શ્રી જે.ટી બારોટ, મુખ્ય મહેમાન તરીકે શ્રી આર. એમ. જાદવ (આઈ. એ. એસ.), શ્રી જી. કે. પરમાર તથા સર્વ કારોબારી સભ્યો-સભાસદો હાજર રહ્યા હતા.

પ્રમુખ દ્વારા બચત મંડળની કામગીરીની સાથે સાથે સ્નેહ સંગઠન અને સામાજિક પ્રવૃતિઓ કરવા પર ભાર મૂક્યો હતો. મંત્રીશ્રીએ સાથ સહકાર બદલ સર્વનો આભાર માન્યો હતો. મુખ્ય મહેમાન શ્રી જાદવ સાહેબે આ મંડળ ખૂબ જ ફૂલેફાલે અને ઉતરોતર પ્રગતિ કરે તે માટે શુભેચ્છા પાઠવી હતી. બચત મંડળની કાર્યવાહી નોંધ તથા કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રવિણભાઈ બારોટે કર્યુ હતું.



ગણપત યુનિવર્સટી - વી.એમ. પટેલ કૉલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ એન.એસ.એસ. યુનિટ દ્વારા જોરણંગ ગામ તાલુકો જિલ્લો મહેસાણામાં તારીખ ૨૭/૧૨/૨૦૧૮ થી ૦૨/૦૧/૨૦૧૯ સુધી સાપ્તાહિક સ્પેશિયલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિવિધ કાર્યક્રમો જેવા કે ગ્રામ સફાઈ, મહિલા સ્વરક્ષણ ટ્રેઈનીંગ, બ્લડ ડોનેશન કેમ્પ, સર્વરાગ નિદાન કેમ્પ, વૃક્ષારોપણ, પશુનિદાન કેમ્પ, ખેતીલક્ષી કાર્યક્રમ, મહિલા સ્વરોજગાર ટ્રેનીંગ, સ્કૂલના બાળકો માટે વ્યાખ્યાન અને રમતગમત તથા સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગામના ખેડૂત, યુવાન, મહિલા, બાળકો, વડીલો, નોકરીયાત એમ દરેક વર્ગને આવરી લઈ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ. સ્પેશિયલ કેમ્પનું સંમગ્ર સંચાલન પ્રોગ્રામ ઓફીસર ડૉ. વિપુલ પટેલ થતા ડૉ. ધર્મેશ ઠાકરે કર્યું હતું.

# ગાંધીનગર ખાતે ૧૧મીએ મેગા જોબ ફેર યોજાશે

ગાંધીનગર, તા ૯

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ મેગા જોબ ફેરનું આયોજન એસ. કે. ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ, ગાર્ડન, એરિયા, ગેટ નંબર- ૨, કડી કેમ્પસ, ધ-૬ની નજીક, સેકટર-૨૩ ખાતે સવારના ૧૦.૩૦ કલાકે કરવામાં આવ્યું છે.

રોજગાર અધિકારી ( જનરલ ), ગાંધીનગરે જણાવ્યું છે કે, આ મેળામાં ઔધોગિક ક્ષેત્રના વિવિધ સેકટરો જેવા કે મેનુફેક્ચરીગ, બેન્કિંગ- ફાઈનાન્સ, સેલ્સ એન્ડ રીટેઈલ, આઈ. ટી., સિક્યુરીટી સર્વિસીસ જેવી ૨૦ થી વધુ કંપનીઓ- સંસ્થાઓ ઉપસ્થિત રહેશે. ભરતી મેળાના સ્થળ ઉપર ઉમેદવારોએ ફકત બાયોડેટાની ઓછામાં ઓછી પાંચ નકલ સાથે લઈ આવવાની રહેશે.

# ઉવારસદ ચોકડી પાસે ટ્રકની પાછળ કાર ઘૂસી જતાં કારચાલકનુ મૃત્યુ

**બંધ પડેલા ટ્રકની પાછળ મોડી સાંજે કાર ઘુસી જતા અકસ્માત સર્જાયો**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર નજીક ઉવારસદ ચોકડી પાસે ગઈ કાલે મોડી સાંજે બંધ પડેલી એક ટ્રકની પાછળ કાર ધડાકાભેર ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલકનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ હતું. આ અકસ્માતને પગલે રાહદારીઓનું ટોળું એકત્ર થઈ ગયું હતું અને ગંભીર રીતે ઘાયલ કારચાલકને હોસ્પિટલાઈઝ્ડ કર્યા હતા પરંતુ સારવાર દરમિયાન તેમનું પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યુ હતુ. અડાલજ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

ઉવારસદમાં ચીકાપરા ઠાકોરવાસમાં રહેતા રમેશજી રવાજી ઠાકોરે અડાલજ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમનો ૨૬ વર્ષિય પુત્ર બાબુજી રમેશજી ઠાકોર સેક્ટર-૧૧ ખાતે આવેલી જીએસપીસીમાં ટોયટા કંપનીના કરાર પર ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. ગઈ કાલે મોડી સાંજે આઠ વાગ્યાના અરસામા બાબુજી પોતાના ઘરે જઈ રહ્યો હતો. દરમ્યાન અડાલજ જવા માટે એક ફોન આવતા તે પોતાની ગાડી નંબર જીજે ૧૮ એ.ઝેડ ૪૨૬૭ લઈને અડાલજ જવા નીકળ્યો હતો. ઉવારસદ ચોકડી ખાતે રોડની સાઈડમાં એક ટ્રક બંધ હાલતમા ઉભો હતો. ચોકડી પર ઉભેલા આ બંધ ટ્રકની પાછળ અંધારામા બાબુજીની કાર ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં બાબુજીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેને પગલે સ્થળ પર દોડી આવેલા રાહદારીઓએ કારચાલક ઘાયલ યુવાન બાબુજીને તાત્કાલિક અડાલજ સીએચસી સેન્ટર ખાતે ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબિબે ઘાયલ બાબુજીને મૃત જાહેર કર્યો હતો. અકસ્માતને પગલે અડાલજ પોલીસે મૃતકના પિતાની ફરિયાદીને આધારે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અડાલજ પાસે ઝુંડાલ નર્મદા કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર તા ૯

અડાલજ નજીક આવેલા ઝુંડાલ નર્મદા કેનાલમાંથી બે દિવસ પહેલા એક બિનવારસી યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આશરે ૩૦ થી ૩૫ વર્ષના બિનવારસી યુવાનનો મૃતદેહ કેનાલમાંથી બહાર નીકાળીને અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતકની ઓળખ માટે પોલીસે તજવીજ શરૂ કરી છે. જો કે આ મૃતક યુવાનની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.

મળતી માહિતી મુજબ બે દિવસ પહેલા બપોરે અઢી વાગ્યાના અરસામાં સુઘડ થી અડાલજ તરફ જતા રોડ ઉપર આવેલી બાલાજી ગ્રીનવેલી નજીક ઝુંડાલ નર્મદા કેનાલમાંથી એક બિનવારસી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આશરે ૩૦ થી ૩૫ વર્ષ ના અજાણ્યા યુવાનનો મૃતદેહ ઝુંડાલ કેનાલમાં તરતા જોઈને અંબાપુર ગામના રાહદારી જયેશજી આદરજી ઠાકોરે અડાલજ પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. અડાલજ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ધવલસિંહ આ ઘટનાની જાણ થતા સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને બહાર કઢાવી તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી હતી. પોલીસે મૃતદેહ પીએમ કરાવીને કોલ્ડરૂમમાં મુકી મૃતક યુવાનની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. જો કે બે દિવસની તપાસ બાદ પણ મૃતક યુવાનની ઓળખ થઈ શકી નથી.

# ભાવસાર મિત્રમંડળનો વાર્ષિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૯

ભાવસાર મિત્રમંડળ ગાંધીનગરનો વાર્ષિક કાર્યક્રમ આગામી તારીખ ૨૦ જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે જુના સચિવાલય કેન્ટિન ખાતે યોજાશે. આ વાર્ષિક કાર્યક્રમમાં શૈક્ષણિક પારિતોષિક વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, નિવૃત્ત પામેલા તેમજ બઢતી પામેલા કર્મચારીઓનુ સન્માન કરવામાં આવશે તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮માં પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપી નવાજવામાં આવશે. આ પ્રસંગે સહપરિવાર પધારવા ભાવસાર મિત્રમંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ ભાવસારે અનુરોધ કર્યો છે.

# વનતંત્ર નાગરીકોને શુક્રવારે ફ્રી સેફટીગાર્ડનું વિતરણ કરશે

**ઉત્તરાયણમાં ઘાયલ પક્ષીઓને નવી ઉડાન આપવા ત્રણ કેન્ટ્રોલરૂમ શરૂ કરાયા**

ગાંધીનગર, તા. ૯

ઉત્તરાયણ પર્વ આવી રહ્યુ છે ત્યારે શહેરીજનો પતંગના દોરાથી બચવા માટે પોતાના વાહનોમાં સેફ્ટી ગાર્ડનો ઉપયોગ કરતા હોય છે. ગાંધીનગરના વનવિભાગ દ્વારા વહેલા તે પહેલાના ધારણો ડીએફઓની કચેરી, સે. ૧૭ ખાતે શુક્રવારે સવારે ૮ વાગ્યે ૩૦૦ જેટલા સેફ્ટી ગાર્ડનું ફ્રી વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત વન વિભાગ દ્વારા ઘાયલ પક્ષીની સારવાર અર્થે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યાં છે.

શહેરમાં પતંગરસિયાઓ તહેવારના ઉત્સાહમાં આવીને પક્ષીઓની માલિકીના આકાશને જ્યારે ભાડે લઈને પતંગ ઉડાવવાની મોજ લે છે ત્યારે પતંગના દોરા વાગવાથી ઘણા પક્ષીઓને ઈજા થાય છે અને ઘણા મૃત્યુને ભેટે છે. આવા ઘાયલ પક્ષીઓને નવી ઉડાન આપવા માટે શહેરની સેવાભાવી સંસ્થાઓના સહયોગથી વનતંત્ર દ્વારા વનચેતના કેન્દ્ર સે. ૩૦, સે. ૧૭ અને ઈન્ફોસીટી વિસ્તારમાં કન્ટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે. આ સાથે વન વિભાગના ડીએફઓ ડી.એસ. ડામોરે ઘાયલ પક્ષીઓ અંગે વનતંત્રને જાણ કરવા અને સેફટીગાર્ડના વિતરણનો લાભ લેવા શહેરીજનોને જણાવ્યું છે.

# ઉત્તરાયણ માટે ઉંધિયા-જલેબી પાર્ટીના આયોજનો શરૂ..!!!

**કેટરર્સે એડવાન્સમાં શાકભાજી ખરીદવાનું ચાલુ કર્યુ : સળંગ રજાઓને પગલે પતંગ રસિયાઓએ એડવાન્સ બુકિંગ કરાવી દેવા હિતાવહ સમજ્યા : જલેબી બનાવતા કારીગરોની ડિમાન્ડ વધી**



ગાંધીનગર, તા. ૯

શહેરમાં ઉત્તરાયણનો માહોલ છવાઈ ગયો છે અને સવારે તથા સાંજે બાળકો ધાબા પર ચઢી પતંગ ચઢાવતા નજરે પડે છે એટલુ જ નહી પાટનગરની સડકો પર મોટાભાગના દ્વિચક્રી વાહનચાલકો દ્વારા દોરીથી બચવા એલ્યુમિનિયમના સળિયાવાળા સેફ્ટીગાર્ડ લગાડેલા જોવામાં આવી રહ્યાં છે. મકરસંક્રાંતિના આગમન સાથે જ શહેરમાં ઉંધિયા-જલેબીની પાર્ટીના આયોજનો પણ જોવા મળી રહ્યાં છે.

ગુજરાતમાં દરેક તહેવારમાં કોઈને કોઈ વાનગી જોડી દેવામાં આવેલી જોવામાં આવે છે. જેમકે દશેરાએ ફાફડા-જલેબી અને મહાશિવરાત્રીએ શક્કરિયાનો શીરો, શરદ પૂનમે દૂધપૌઆ અને કાળી ચૌદશે દાળવડાં. એજ રીતે ઉત્તરાયણે ઉંધિયા-જલેબી દરેકની પ્રિય વાનગી છે. ગાંધીનગરમાં પતંગરસિયાઓ પોતાના પરિવાર, સોસાયટી અથવા મિત્રવર્તુળમાં સાથે મળીને ઉત્તરાયણની મોજ માણતા હોય છે. અને આ સાથે ગૃપમાં જ ઉંધિયુ-જલેબી આરોગવાનુ પણ આયોજન કરે છે જેથી આખો દિવસ સાથે મળીને આનંદ માણી શકાય. આ વર્ષે ઉત્તરાયણ સોમવારે હોવાથી શનિ-રવિ-સોમની સળંગ ત્રણ રજા ઉપરાંત બીજા દિવસે વાસી ઉતરાયણે પોંગલ તહેવારની રજા આવે છે. તેથી સળંગ રજાઓના માહોલને માણવા શહેરના પતંગરસિયા મનભરી માણવા કટિબદ્ધ બન્યા છે અને તે માટે અત્યારથી આયોજન હાથ ધરવામાં આવ્યાં છે. સળંગ રજાઓના કારણે ઉંધિયા-જલેબી સહિત વિવિધ ચટપટી વાનગીઓ સાથે ઉત્તરાયણ ઉજવવા પતંગરસિયાઓ કેટરીંગવાળાને એડવાન્સમાં બુક કરી દેવા લાંગ્યા છે. પહેલા એવો ટ્રેન્ડ હતો કે જાતે બધા શાકભાજી ખરીદી સમુહમાં ઉંધીયુ બનાવવામાં આવે પરંતુ હવે આ બધી ધમાલમાં પડ્યા વગર કેટરીંગ સર્વિસને એડવાન્સમાં બુક કરી દઈ નિશ્ચિંત મને પતંગનો આનંદ માણવાનો ટ્રેન્ડ જોવા મળે છે.

## ઉંધિયા-જલેબી સાથે "ખાંડવી"નું ફ્યુઝન..!!

'ઉંધિયા-જલેબી સાથે તલ અને સીંગની ચિકીનો પણ ઉપાડ સારા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે.' કરિયાણના વેપારી મનોજભાઈએ જણાવ્યું હતું કે 'ઉંધિયા-જલેબીની જયાફતની સાથે ખાંડવી જેવી બેસનના ફરસાણની આઈટમ વધુ પ્રચલિત છે તેથી બેસનનો ઉપાડ પણ વધ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન કૃષ્ણલાલ જોશી, ઉ.વ.૮૨
- સ્વ. આનંદીબેન કાન્તીલાલ દરજી, ઉ.વ.૮૦
- સ્વ. અભરામજી રામાજી ઠાકોર, ઉ.વ.૭૨
- સ્વ. વિમળાબેન ત્રિકમલાલ નાયી, ઉ.વ.૭૨

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧